# આઈ.એ.બી.એમ.આઇ કોલેજ ખાતે શૈક્ષણિક કાર્યનો પુનઃ આરંભ

કોવિડ-૧૯ની વૈશ્વિક મહામારીના કારણે સમગ્ર દેશમાં ઓનલાઇન શિક્ષણની પ્રથા અપનાવીને શિક્ષણકાર્ય ચાલુ રાખવામા આવેલ હતું. ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના તા. ૦૪/૦૨/૨૦૨૧ના ઠરાવ ક્રમાંક: કરન/૧૦૨૦૨૦/૦૯૦૫૨૦૨૦/ખ-૧ અનુસાર શૈક્ષણિક કાર્યનો પુનઃ આરંભ કરવાનું નક્કી થતાં આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતેની આઈ.એ.બી.એમ.આઈ કોલેજ ખાતે હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરતા કોલેજના વિદ્યાર્થીઓનો સત્કાર કાર્યક્રમ તા.૨૫-૦૨-૨૦૨૧ના રોજ યોજાયો હતો.

અત્રેની કોલેજમાં અનુસ્નાતક કક્ષાએ પ્રથમ તથા ત્રીજા સત્રમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ગુજરાત સરકારના ઉપરોકત ઠરાવના આધારે કોવિડ-૧૯ને લગતી માર્ગદર્શિકા મુજબ શિક્ષણ-કાર્યના પુનઃઆરંભ અને હોસ્ટેલમાં રહેવાની અનુમતિ મળતા માનનીય પ્રિન્સિપાલ અને ડીનશ્રી ડૉ. વાય. સી. ઝાલા, અનુસ્નાતક ઇન-ચાર્જ ડૉ. એમ. આર. પ્રજાપતિ, મદદનીશ ગૃહપતિશ્રી ડૉ. શક્તિરંજન પાણિગ્રહી, એસ.આર.સી ચેરમેન ડૉ. આશિષ મહેરા અને ડીડીઓ ડૉ. ડી. આર. વહોનીયા તથા અન્ય ફેકલ્ટી મેમ્બરની ઉપસ્થિતિમાં કોલેજના વિદ્યાર્થીઓનો આવકાર-કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. તમામ વિદ્યાર્થીઓના બોડી-ટેમ્પરેચરની ચકાસણી કરવામાં આવેલ હતી. ઉપસ્થિત તમામ વિદ્યાર્થીઓને સેનીટાઈઝર અને માસ્કનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગના અંતમાં કોલેજના પ્રિન્સિપાલ અને ડીનશ્રી ધ્વારા વિદ્યાર્થીઓનું અભિવાદન કરીને, સ્વાસ્થ્ય અંગેની પુરતી તકેદારી રાખવાની નોંધ સાથે સર્વના સારા સ્વાસ્થ્ય માટે શુભકામનાઓ પાઠવવામાં હતી.




